પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૨૫ | ૨૫ ઓક્ટોબર, ૨૦૧૯, શુક્રવાર; આસો વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# મહારાષ્ટ્રમાં ભગવો : હરિયાણામાં ત્રિશંકુ

**મહારાષ્ટ્રમાં ભાજપ-શિવસેનાને ૧૬૦ બેઠકો : હરિયાણામાં ભાજપ-૪૦, કોંગ્રેસ-૩૧, અન્ય-૧૯ બેઠકો : હરિયાણામાં એક્ઝિટ પોલના તારણ ખોટા પુરવાર સાબિત થયા : હરિયાણામાં સરકાર રચવા બંને પક્ષે ભારે દોડધામ**

નવી દિલ્હી તા. ૨૪

હરિયાણા અને મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી યોજાયા બાદ આજે ચૂંટણી પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા જે ભારતીય જનતા પાર્ટી માટે એટલા આશાસ્પદ રહ્યા ન હતા જેટલા એક્ઝિટ પોલના તારણોમાં વાત કરવામાં આવી રહી હતી. મહારાષ્ટ્રમાં ભારતીય જનતા પાર્ટી અને શિવસેના ગઠબંધને બહુમતિ મેળવી લેવામાં સફળતા મેળવી છે. આ ગઠબંધનને ૨૮૮ સીટો પૈકી ૧૬૦ સીટ મળી ગઈ છે. બહુમતિ માટેનો આંકડો ૧૪૫નો રહેલો છે. બીજી બાજુ મહારાષ્ટ્રમાં તમામ પરિણામ જાહેર થયા બાદ શિવસેનાને ૫૭, ભાજપને ૧૦૩, એનસીપીને ૫૩ સીટો હાથ લાગી છે. અન્ય પાર્ટીઓ ૨૯ સીટો જીતી ગઈ છે. મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેના પુત્ર આદિત્ય ઠાકરેની પણ જીત થઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

| હરિયાણા વિધાનસભા | |
|---|---|
| ભાજપ | ૪૦ |
| કોંગ્રેસ | ૩૧ |
| જેજેપી | ૧૦ |
| અન્યો | ૦૯ |
| **મહારાષ્ટ્ર વિધાનસભા** | |
| ભાજપ | ૧૦૩ |
| શિવસેના | ૫૭ |
| કોંગ્રેસ | ૪૬ |
| એનસીપી | ૫૩ |
| અન્યો | ૨૯ |













૧૫૨૪, અપના બજાર પાસે, જલારામ હોસ્પિટલની બાજુમાં, સેક્ટર - ૬, ગાંધીનગર : નં. ૯૨૨૫૭ ૨૨૨૨૪, । ઓફિસ : ૦૭૯ ૨૩૨ ૪૭૭૭૭
બી/૫, બેન્ક ઓફ બરોડાની પાછળ, સેક્ટર ૨૧, ગાંધીનગર